પતી ગયું – પણ એ થયું – મારે બીજું કાંઈ જ કહેવાનું નથી. હું, માલતી મુખરજી, કોઈની પત્ની અને કોઈની મા – મેં કર્યું – જયંતની સાથે. મને અને જયંતને – અમને બંનેને કરવાની ઇચ્છા હતી. કદાચ નયનાંશુને એમ પણ લાગે કે અમે પહેલાં પણ કર્યું હશે – પણ ના – આજે રાત્રે પહેલી જ વાર – આજે રાત્રે, ચાર કલાક પહેલાં. આ જ પલંગ ઉપર, જ્યાં હું અત્યારે સૂતી છું.

કેવી રીતે થયું? સહેલું છે. ખરેખર મને સમજાતું નથી કે પહેલાં કેમ ન થયું – મારા સંયમ અને જયંતની ધીરજથી મને આશ્ચર્ય થાય છે. સાંજે નવેક વાગ્યે જયંત આવ્યો. તરત જ વરસાદ પડવા માંડ્યો. એટલો જોરમાં હતો કે અડધા કલાકમાં તો અમારી ગલીમાં પાણી ભરાઈ ગયું. દસ વાગ્યા, સાડા દસ થયા અને વરસાદ તો રોકાવાનું નામ જ લેતો ન હતો. અંશુ ગયો હતો બેલઘાટ, એની માંદી કાકીની ખબર કાઢવા. બેબી મારી માને ત્યાં હતી. દુર્ગામણિ રસોડામાં એની સાદડી પર ઊંઘી ગઈ હતી. ફ્લૅટનું બારણું વાસીને હું સૂવાના રૂમમાં આવી – જોતી હતી કે વરસાદની વાછટથી કાંઈ ભીનું નથી થતું ને. ‘મારી સિગારેટ ખલાસ થઈ ગઈ છે. કદાચ નયનાંશુના ખાનામાં એકાદ પૅકેટ હોય.’ મારી પાછળ આવતા જયંત બોલ્યો. ખાનામાં જોવા હું નીચે વળી ત્યાં પાછળથી જયંતે મારી કમર પર હાથ વીંટાળ્યો. મેં ઊંચા થઈને તેની સામે જોયું અને કહ્યું, ‘તો તારે સિગારેટ નથી જોઈતી?’

તેણે મારા કાનમાં ધીરેથી કહ્યું, ‘લોટન!’

તેનો હાથ મારા હાથમાં લઈને મેં બારણું વાસ્યું અને લાઇટ બંધ કરી.

મને હવે સારું લાગે છે – ખૂબ સારું લાગે છે. મને લાગે છે કે મારી જાતને ઘણા વખત સુધી સંયમમાં રાખીને મેં બરાબર કર્યું ન હતું.

મારું શરીર આનંદથી તરબતર હતું અને મને ઊંઘ આવી ગઈ. પછી અચાનક જ્યારે આંખ ઊઘડી ત્યારે લાઇટ ચાલુ હતી અને હું ભીના કપડામાં સામે ઊભેલા નયનાંશુની સામે જોતી હતી.

'તું આવી ગયો?' મેં પૂછ્યું.

'હા, મારા રાતના કપડાં ક્યાં છે?'

'ડાબા ખાનામાં.' આંખો બંધ કરતાં મેં કહ્યું. હું થાકેલી હતી, મારે ઊભા થવું ન હતું.

અંશુએ કહ્યું, 'આટલી મોડી રાતે બારણું ખુલ્લું રાખવું બરાબર ન કહેવાય. ઘરમાં માત્ર તું અને દુર્ગામણિ જ છો અને બંને ઘસઘસાટ સૂતાં હતાં. આ તો ચોરને આમંત્રણ કહેવાય!'

'બારણું ખુલ્લું હતું?'

નયનાંશુ કપડાં બદલવા બાથરૂમમાં ગયો. અચાનક મારી નજર પડી એના પલંગ પર પડેલા મારા કબજા પર. મારા શરીર પર તો માત્ર એક ઢીલી વીંટાળેલી સાડી જ હતી. તરત જ ઊભા થઈને કબજો પહેર્યો અને સાડી સરખી કરીને વાળ ઓળ્યા અને મોં પર થોડો પાઉડર લગાડ્યો. અરીસામાં જોયું તો માલતી બીજા કોઈ પણ દિવસે દેખાય તેવી જ દેખાતી હતી, પણ લોકો કેવી ભૂલ કરી બેસે છે, એ આશ્ચર્યજનક નથી? કરતાં પહેલાં હું બારણું વાસવાનું ભૂલી ન હતી (પ્રેમ એટલો બધો આંધળો અને ઉતાવળો નથી હોતો!), પણ જયંતના ગયા પછી મેં સૂવાના રૂમનું અને ફ્લૅટનું બારણું બંધ કર્યું ન હતું. સૂઈ જતાં પહેલાં મને કપડાં પહેરવાનું પણ સૂઝ્યું ન હતું. નયનાંશુની નજર પડી હશે? ભલે પડી – એક પરણેલી સ્ત્રી પોતાના સૂવાના રૂમમાં પોતાની મરજી મુજબ સૂઈ શકે છે.

અમે જમવા બેઠાં ત્યારે નયનાંશુએ પૂછ્યું, 'આટલે મોડે સુધી જમ્યા વિના કેમ બેસી રહી?'

'મોડું થઈ ગયું છે?'

'બાર વાગ્યા. તારે તો જમી લેવું હતું.'

બાર વાગ્યા સાંભળીને મને ખૂબ નવાઈ લાગી. જયંતના આવ્યા પછી મને સમયનું ભાન જ રહ્યું ન હતું. આટલું મોડું થયું છે એવી ખબર હોત તો મને જરૂર અંશુની ચિંતા થઈ હોત. તે રૂમમાં આવ્યો ત્યારે મેં કહ્યું હોત, 'આટલું મોડું કેમ થયું? કાંઈ થયું તો નથી ને? મને ચિંતા થતી હતી.'

એની સામે જોતાં મને લાગ્યું કે અત્યારે તે પણ મારી પાસેથી આવું જ કાંઈ સાંભળવા માગતો હતો. એટલે મેં કહ્યું, 'આટલું મોડું કેમ થયું?'

'વાહ, આટલો વખત તું ક્યાં હતી? જોતી નથી કેટલો ધોધમાર વરસાદ પડે છે? બેલઘાટમાં તો ગંગા વહે છે! મારે સિઆલદા સુધી ચાલવું પડ્યું અને પછી જોરાગિરજા સુધી રિક્ષા લીધી ત્યારે મને ટૅક્સી મળી.' તેના બોલવામાં એવો આત્મસંતોષનો રણકો હતો, જાણે તે સુંદરવનમાં વાઘને મારીને પાછો ન આવ્યો હોય! મને યાદ છે થોડા દિવસ પહેલાં તેણે બાથરૂમમાં વીંછીને જોઈને કેટલી બૂમો પાડી હતી અને પછી ક્યાંકથી એક લાકડી શોધીને એ જંતુને દૂરથી મારીને મને કહ્યું હતું 'મેં એને મારી નાખ્યો.' તેની સામે જોયા વિના જ મેં કહ્યું હતું, 'તેં બહુ જ બહાદુરીનું કામ કર્યું.' (ચારેક વર્ષ પહેલાં બેબીએ પણ કહ્યું હતું, મા... મા, સાંભળ, બારી પર કાગડો બેઠો હતો ને, એને મેં ઉડાડી મૂક્યો!') ક્યારેક તો મને તે એક નાના બાળક જેવો લાગે છે. એક યુવાન અને સમજુ સ્ત્રીને પોતાનો પતિ બાળક જેવો હોય તો કેવું લાગે? આ જ પરિસ્થિતિમાં જયંતે શું કર્યું હોત? તેણે તો પોતાના જૂતા નીચે વીંછીને કચરી નાખ્યો હોત અને એક શબ્દ પણ બોલ્યો ન હોત!

ભાતમાં ચિકન-કરી નાખતાં નયનાંશુએ કહ્યું, 'મેં તને કેટલી વાર કહ્યું છે કે મારી રાહ ન જોવી. તારે તો સમયસર જમી જ લેવું.'

જવાબમાં મેં કહ્યું, 'મને એકલા જમવું નથી ગમતું.' આ સાચી વાત છે, મેં જોડી કાઢ્યું ન હતું! મને નયનાંશુ વિના જમવું નથી જ ગમતું. મને એવી ટેવ પડી ગઈ છે. કદાચ એ રૂઢિ પણ હોઈ શકે. નાનપણમાં મેં મારી માને મારા પિતાની રાહ જોતાં જોઈ હતી. કદાચ હું પણ એને જ કારણે આમ કરતી હોઈશ!

અચાનક અટકી જઈને અંશુએ પૂછ્યું, 'કોઈ આવ્યું હતું?'

જરા પણ દ્વિધા કે સંકોચ વિના મેં કહ્યું, 'જયંત, જયંતભાઈ આવ્યા હતા, નવેક વાગ્યે. તારી ઘણી રાહ જોઈ.' (આ જ એક તકલીફ છે – બીજાની સામે 'ભાઈ' કહેવાનું!)

'મારી રાહ? શાને માટે?'

'એમના છાપા માટે કાંઈ કામ હતું.'

'તેં મારે માટે બેસવાનું ન કહ્યું?' મારી આંખ સાથે આંખ મેળવતાં અંશુએ કહ્યું.

જરા પણ સંકોચ વિના મેં પણ બરાબર તેની સામે જોઈને જવાબ આપ્યો, 'કમાલ વાત કરે છે! મધરાત સુધી તે કોઈ રાહ જોતું હશે? અને હું કહેત તો પણ શું તે બેસતે? એમને પણ પણ પત્ની અને કુટુંબ છે ને.'

પછી નયનાંશુએ પૂછ્યું, 'આ વરસાદમાં તે પાછો કેવી રીતે ગયો?' હું સહેલાઈથી કહી શકી હોત 'મને શી ખબર?' પણ મેં એવું ન કહ્યું. હસવાનો પ્રયત્ન કરતાં હું બોલી, 'તું તો જયંતભાઈને જાણે છે ને, એમને કાંઈ આવા વરસાદની અસર થાય?'

અંશુ પણ હસીને બોલ્યો, 'તારી વાત સાચી છે. બેબીની

વર્ષગાંઠ યાદ છે ને? ધોધમાર વરસાદને કારણે બસ ને ટ્રામ, બધું જે બંધ હતું. રુસા રોડ પર પણ પાણી ભરાઈ ગયું હતું અને જયંતભાઈ છેક ટૉલીગંજથી ચાલતા આવ્યા હતા. મનાય જ નહીં!'

મેં જવાબ ન આપ્યો. કારણ, નયનાંશુ જાણતો હતો કે હું એ સાંજ ભૂલી નથી. કોઈક વાતો એવી હોય છે જે ક્યારેય ન ભૂલી શકાય. તે દિવસે હું સમજી ગઈ હતી કે જયંત પાણી ભરાયેલા રસ્તા પર ત્રણ માઈલ બેબી કે નયનાંશુ માટે ચાલ્યો ન હતો, તે મારે માટે આવ્યો હતો. નયનાંશુ પણ એ સમજી ગયો હતો, તે કાંઈ મૂરખ નથી! તે શરૂઆતથી જ જાણતો હતો કે શું થવાનું છે. આખી દુનિયામાં કોઈ એવો પતિ હોય જે આ એક વિષય માટે જાગ્રત ન હોય?

જમ્યા પછી તેણે સિગારેટ સળગાવી ત્યારે મેં પૂછ્યું, 'તારી કાકી કેમ છે?'

'ખાસ કાંઈ થઈ શકે તેમ નથી. હવે થોડા દિવસોની જ મહેમાન છે.'

'તે ભાનમાં છે?'

'બિલકુલ. એમ તો થોડું-થોડું અવારનવાર બોલે પણ છે અને ગંગાજળમાં બોળેલું કપડું ચૂસી પણ શકે છે. લોકોની સામે તાકી રહે છે.'

'તને ઓળખ્યો?'

'તરત જ.'

'તું મને તારી સાથે કેમ ન લઈ ગયો?' મારાથી બોલાઈ ગયું.

'મેં તો તને પૂછ્યું હતું, પણ તારે આવવું ન હતું.'

'તેં આગ્રહ કેમ ન કર્યો, મને શી ખબર કે આવું હશે, એટલે કે થોડા દિવસોનો સવાલ હશે.'